પેપર નં.૫

૧. (અ) (A) નીચેની ખાલી જગ્યાઓ યોગ્ય શબ્દ વડે પૂરો. (૨)

૧. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી રશિયન લશ્કરનો સેનાપતિ ..... હતો.

૨. ..... ફ્રાન્સના રાજા લુઈ-૧૬મા નો નાણાંમંત્રી હતો.

(B) નીચેનાં જોડકાં સાચાં બનાવી તેના ઉપરથી સમયરેખા દોરો. (સ્કેલમાપ : ૧ સે.મી. = ૫ વર્ષ) (૩)

'અ'	'બ'
૧. ઈ.સ. ૧૯૧૪	૧. ઇટાલીમાં ફાસીસ્ટ પક્ષની સ્થાપના થઈ.
૨. ઈ.સ. ૧૯૧૯	૨. પ્રથમ વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો.
૩. ઈ.સ. ૧૯૩૧	૩. ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ વચ્ચે ગુપ્ત સંધિ થઈ.
	૪. જાપાનનું મંચુરિયા પર આક્રમણ થયું.

(બ) નીચેનાં વિધાનોનાં કોઈપણ ત્રણનાં ઐતિહાસિક કારણો આપો. (૬)

૧. અમેરિકાએ ૨૦ વર્ષ સુધી ચીનને રાજકીય માન્યતા ન આપી.

૨. નવજાગૃતિનું મુખ્ય લક્ષણ બુદ્ધિવાદ હતું.

૩. રૂસોને ફ્રાન્સની રાજ્યક્રાંતિના મુખ્ય પ્રણેતા કહી શકાય.

૪. બાર્થોલોમ્યુ ડાયઝે શોધેલી ભૂશિર ને 'કેપ ઓફ ગુડ હોપ' ના નામે ઓળખવામાં આવે છે.

(ક) નીચે આપેલા વિધાનો સમજાવો. (કોઈપણ બે) (૩)

૧. સામ્રાજ્યવાદી દેશ બીજા દેશની સંસ્કૃતિનો વિકાસ અટકાવે છે.

૨. ઔદ્યોગિક ક્રાંતિએ વર્ગ વિગ્રહને જન્મ આપ્યો.

૩. પ્રથમ વિશ્વયુદ્ધ પછી લોકોને લોકશાહી પરથી વિશ્વાસ ઉઠી ગયો.

(ડ) નીચેના ઉપર ટૂંક નોંધ લખો. (ગમે તે બે) (૬)

૧. સંયુક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિના કાર્યો.

૨. રશિયન ક્રાંતિથી રશિયામાં આવેલા પરિવર્તનો.

૩. ઔદ્યોગિક ક્રાંતિની સામાજિક અસરો.

૨. (અ) (A) આપેલા પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (૬)

૧. સંયુક્ત રાષ્ટ્રોના મુખ્ય અંગો કયા કયા છે ?

૨. ફાસીસ્ટ પક્ષની સ્થાપના કોણે, ક્યાં અને ક્યારે કરી હતી ?

૩. કોમિન્ટર્ન એટલે શું ? તેનું મુખ્ય ધ્યેય શું હતું ?

૪. અમેરિકાએ પ્રથમ વિશ્વયુદ્ધમાં શાથી ઝંપલાવ્યું ?

૫. ફ્રેન્ચ રાજ્યક્રાંતિએ જગતને કયા સિદ્ધાંતોની ભેટ આપી ?

૬. હેનરી ધ નેવીગેટરે કયા ભૂલાઈ ગયેલા ટાપુઓની શોધ કરાવી હતી ?

(B) નીચેના શબ્દોની સંકલ્પના સમજાવો. (૨)

૧. પ્રોટેસ્ટંટ સંપ્રદાય. ૨. સીઆટો.

(બ) આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. પ્રતિનિધિત્વ નહીં તો કર નહીં. સમજાવો.

૨. સામ્રાજ્યવાદના પરિબળો જણાવો.

૩. હિટલરે સત્તા પર આવતાં જર્મનીના વિકાસ માટે કયા કયા કાર્યો કર્યા ?

૪. મ્યુનિચ સમજૂતિ એટલે શું ?

(ક) નીચેના વિધાનોના કારણો આપો. (ગમે તે બે) (૩)

૧. પ્રવાસન સ્થળોએ પ્રદૂષણમાં વધારો થયો છે.

૨. ભારતે સામ્રાજ્યવાદનો હંમેશાં વિરોધ કર્યો છે.

૩. ૨૦મી સદીમાં માનવીએ વિશ્વશાંતિની શોધ કરી.

(ડ) ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)

૧. યુનેસ્કોના વિકાસમાં ભારતનો ફાળો. ૨. પર્યાવરણની જાળવણીમાં નાગરિકોનો ફાળો.

૩. (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર લખો. (ગમે તે ચાર) (૪)

૧. માનવહક્કો એટલે શું ? તે કયા કયા છે ?

૨. તાશ્કંદ કરાર ક્યારે અને કોની કોની વચ્ચે થયા હતા ?

૩. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી ક્યારે અને શા માટે કરવામાં આવે છે ?

૪. ગ્રીન હાઉસ એટલે શું ? તેની શી વિશેષતા છે ?

૫. સહઅસ્તિત્વ એટલે શું ?

(બ) નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ત્રણ) (૬)

૧. આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનાં મુખ્ય કાર્યો જણાવો.

૨. ભારતની વિદેશ નીતિના મુખ્ય સિદ્ધાંતો સ્પષ્ટ કરો.

૩. શહેરીકરણની મુખ્ય સમસ્યાઓ કઈ કઈ છે ?

૪. રંગભેદની નીતિ દૂર કરવા થયેલા પ્રયત્નો જણાવો.

(ક) નીચે આપેલા શબ્દોની સંકલ્પના સમજાવો. (કોઈપણ પાંચ) (૫)

૧. આંતરરાષ્ટ્રીય વ્યાપાર. ૨. બજાર. ૩. હરિયાળી ક્રાંતિ. ૪. પ્રચ્છન્ન બેકારી

૫. મિશ્ર અર્થતંત્ર. ૬. નિરપેક્ષ ગરીબાઈ.

(ડ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ) (૫)

૧. કયા રોગો પર અંકુશ આવી શક્યો નથી ?

૨. આયોજન પંચ કયા કયા પ્રકારની યોજનાઓ તૈયાર કરે છે ?

૩. આયોજન પંચમાં કોનો કોનો સમાવેશ થાય છે ?

૪. ગ્રાન્ટ અને લોન વચ્ચે મુખ્ય શો તફાવત છે ?

૫. ભારતની મુખ્ય આયાતો કઈ કઈ છે ?

૬. અદશ્ય સ્વરૂપની આયાત એટલે શું ?

૪. (અ) નીચેના વિધાનોના કારણો આપો. (ગમે તે ત્રણ) (૯)

૧. સરકાર પરદેશથી આવતી વસ્તુ અટકાવે છે.

૨. આર્થિક પછાત દેશો માટે વિશ્વ બેંક આશીર્વાદરૂપ બને છે.

૩. યોજનાનું મૂલ્યાંકન કરવું એ આયોજન માટે ખૂબ જરૂરી છે.

૪ ઊર્જાશક્તિનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો હિતાવહ છે.

(બ) (A) ખાલી જગ્યા પૂરો. (૨)

૧. ..... ખાતે સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

૨. ..... રેલમાર્ગ ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ છે.

(B) ટૂંક નોંધ લખો. (ગમે તે એક) (૩)

૧. શક્તિ મેળવવાના બિન પરંતરાગત સ્ત્રોત. ૨. ભારતની પશુ સંપત્તિનું આર્થિક મહત્વ.

(ક) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો. (ગમે તે પાંચ) (૫)

૧. ભારતના કયા રાજ્યમાંથી સૌથી વધુ તાંબુ મળી આવે છે ?

૨. ખનીજ કોલસાના મુખ્ય ત્રણ પ્રકારો કયા કયા છે ?

૩. ગુજરાતના તાપ વિદ્યુત મથકના જાણીતા મથકો કયા કયા છે ?

૪. ઉપભોક્તા ઉદ્યોગો એટલે શું ?

૫. ભારતમાં રેલ્વેના પ્રકાર કેટલા છે ? કયા કયા ?

૬. ભારતના કયા રાજ્યમાં સાક્ષરતાનું પ્રમાણ સૌથી ઓછું છે ? કેટલું ?

(ડ) સંકલ્પના સમજાવો. (ગમે તે ચાર) (૪)

૧. મુક્ત વ્યાપાર ક્ષેત્ર ૨. મુખત્રિકોણ પ્રદેશ ૩. સામાન્ય ખેતી

૪. લગૂન સરોવર ૫. ક્રિપકલ્પ.

૫. (અ) સવિસ્તાર ઉત્તર લખો. (ગમે તે ચાર) (૮)

૧. ભારતના વ્યવહાર માર્ગોની ઉપયોગિતા જણાવો.

૨. ભારતમાં કઈ કઈ ખેત પેદાશો જોવા મળે છે ? શાથી ?

૩. ભારતમાં સિંચાઈની શાથી આવશ્યકતા છે ?

૪. ભારતની આબોહવાની લાક્ષણિકતાઓ જણાવો.

૫. ભારતમાં દુષ્કાળની સમસ્યા અને તેના ઉપાયો જણાવો.

(બ) નીચેનાના ભૌગોલિક કારણો આપો. (ગમે તે ચાર) (૮)

૧. આજના યુગમાં સંદેશા વ્યવહારનું મહત્વ વધી ગયું છે.

૨. પશ્ચિમ બંગાળમાં શણ ઉદ્યોગ ખૂબ વિકસ્યો છે.

૩. દક્ષિણ ભારતમાં ચાને બદલે કૉફી પીવાનો રિવાજ વધુ પ્રચલિત છે.

૪. દક્ષિણ ભારતની નદીઓ જળમાર્ગ તરીકે બહુ ઉપયોગી નથી.

૫. કોરોમંડલ કિનારે શિયાળામાં વરસાદ પડે છે.

(૬) રેખાંકિત નકશામાં નીચેની વિગતો દર્શાવો. (૪)

૧. દામોદર યોજના ૨. શણ ઉદ્યોગનું એક કેન્દ્ર ૩. ગંગા નદી

૪. મુંબઈથી ચેન્નઈનો રેલમાર્ગ એક અટક સ્થાન સાથે. ૫. નીલગીરી પર્વતમાળા.

૬. ગરમ કાપડ ઉદ્યોગનું એક કેન્દ્ર ૭. સાંભર સરોવર ૮. શિપ્કી ઘાટ.

F F F F F